# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 22-04 -2025** **Evening : 7.10 to 7.20**
**Day : Tuesday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **મિત્તલ પટેલ** વાંચે છે.

---

1) વર્ષ 2024નું UPSCનું પરિણામ જાહેર, રાજ્યનાં હર્ષિતા ગોયલે સમગ્ર દેશમાં બીજા ક્રમાંક મેળવ્યો.

2) રાજ્ય સરકારે ખેતી વિષયક વીજ જોડાણના નિયમમાં ફેરફાર કર્યા

3) વિવિધ જિલ્લાઓમાં માર્ગના સમારકામ સહિતની કામગીરી માટે એક હજાર 242 કરોડ રૂપિયાની રાજ્ય સરકારની મંજૂરી

4) બનાસ ડેરીએ દેશનું પ્રથમ સ્વદેશી સિમેન સેક્સ શોર્ટિંગ મશીન વિકસાવ્યું.

5) રાજ્યમાં આગામી બે દિવસમાં ગરમી વધવાની હવામાન ખાતાની આગાહી.

--------------------------------------------------------------------------------

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

(હવે પછી આપ 7 વાગીને 50 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો.)

# UPSC RESULT

કેન્દ્રીય જાહેર સેવા આયોગ- U.P.S.C. દ્વારા વર્ષ 2024-25 માટે જાહેર કરાયેલા પરિણામમાં રાજ્યના 26 ઉમેદવાર ઉત્તીર્ણ થયા છે. સત્તાવાર યાદી મુજબ, રાજ્યનાં હર્ષિતા ગોયલે સમગ્ર દેશમાં બીજો અને માર્ગી શાહે ચોથો અને સ્મિત પંચાલે 30-મો ક્રમાંક મેળવ્યો છે. આ રીતે રાજ્યના ત્રણ ઉમેદવારે સમગ્ર દેશમાં ટોચના 30 ઉમેદવારમાં સ્થાન મેળવ્યું છે.

UPSCમાં બીજા ક્રમાંકે ઉત્તીર્ણ થનારાં ઉમેદવાર હર્ષિતા ગોયલે આ અંગે પ્રતિક્રિયા આપી હતી.

(બાઈટઃ હર્ષિતા ગોયલ)

ઉલ્લેખનીય છે કે, UPSC પરીક્ષામાં 725 પુરુષ અને 284 મહિલા ઉમેદવાર સહિત કુલ એક હજાર નવ ઉમેદવાર ઉત્તીર્ણ થયા છે. આ વખતનાં પરિણામમાં શક્તિ દુબેએ સમગ્ર દેશમાં પ્રથમ ક્રમાંક મેળવ્યો છે.

. . . . . . . . . . . . .

# VIJ JODAN FERFAR

રાજ્ય સરકારે ખેતી વિષયક વીજ જોડાણના નિયમમાં ફેરફાર કર્યા છે. હવે સાત-બારના ઉતારામાં એકથી વધુ સહ-માલિક હોય તો વીજજોડાણ મેળવવા માટે સહ-માલિકની સંમતિની જરૂર નહીં પડે. તેના બદલે અરજદારે નૉટરી કરાવેલા સ્ટૅમ્પ પેપર પર આપેલું સેલ્ફ ડિક્લેરેશન એટલે કે , સ્વ ઘોષણાપત્ર માન્ય રહેશે તેમ સત્તાવાર યાદીમાં જણાવાયું છે.

આદિજાતિ વિસ્તારોમાં વધુ વારસદાર હોવાથી આંતરિક વહેંચણી થઈ હોય , પરંતુ મહેસૂલી નોંધ ન હોવાથી ખેતી વિષયક નવું વીજ જોડાણ મેળવવામાં મુશ્કેલીઓ પડતી હતી. એટલે ખેડૂતો અને આદિવાસી વિસ્તારના ધારાસભ્યોએ આ અંગે સરકારને રજૂઆત કરી હતી. આ ઉપરાંત નિયમોમાં એક નવા સુધારા મુજબ , સાત-બારના ઉતારામાં એકથી વધુ સહ-માલિકના નામ હોય તો દરેક સહ-માલિકને તે સરવે નંબર કે જમીનના ક્ષેત્રફળને ધ્યાને લીધા વગર વીજ જોડાણ અપાશે.

. . . . . . . . . . . . .

# KASHMIR ATTACK SANGHVI

જમ્મુ-કાશ્મીરમાં આજે થયેલા આતંકી હુમલા અંગે ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવીએ જણાવ્યું કે , રાજ્ય સરકાર ગૃહ મંત્રાલયના સતત સંપર્કમાં છે. રાજ્યના પ્રવાસીઓને તાત્કાલિક મદદ મળે તેવા તમામ પ્રયાસ કરવામાં આવી રહ્યા છે

(બાઈટઃ હર્ષ સંઘવી, ગૃહરાજ્યમંત્રી)

ઉલ્લેખનીય છે કે, જમ્મુ-કાશ્મીરમાં આજે બપોરે દક્ષિણ કાશ્મીરના અનંતનાગ જિલ્લાના પહેલગામ વિસ્તારમાં આતંકવાદીઓએ પ્રવાસીઓ પર હુમલો કર્યો હતો. આ હુમલો શ્રીનગરથી અંદાજે 85 કિલોમીટર દૂર પહેલગામના બેસરન જંગલ વિસ્તારમાં કરાયો હતો. હુમલામાં કેટલાક  પ્રવાસીઓ ઈજાગ્રસ્ત થયાના અહેવાલ છે. તમામ ઇજાગ્રસ્તોને હાલમાં જિલ્લા હૉસ્પિટલમાં દાખલ કરાયા છે. બીજી તરફ , સુરક્ષા દળોએ ઘેરાબંધી અને તપાસ અભિયાન હાથ ધર્યું છે.

. . . . . . . . . . . . .

# ROAD MANJURI

રાજ્ય સરકારે વિવિધ જિલ્લાઓમાં માર્ગના સમારકામ સહિતની કામગીરી માટે એક હજાર 242 કરોડ રૂપિયાની મંજૂરી આપી છે. સત્તાવાર યાદી મુજબ , 118 માર્ગની 735 કિલોમીટર લંબાઈમાં રિસર્ફેસિંગ એટલે કે, સમારકામ માટે 975 કરોડ રૂપિયા, કચ્છમાં દેસલપર-હાજીપીર 32 કિલોમીટરના રાજ્ય રાજમાર્ગ પર સાત મીટર પહોળાઈમાં સીસી રોડ અને અન્ય કામ માટે 95 કરોડ રૂપિયાની મંજૂરી અપાઈ છે.

સત્તાવાર યાદી મુજબ, કડી તાલુકામાં ચાર માર્ગ-ડાંગરવા-કરજીસણ માર્ગ તેમજ કડી-જાસલપુર-મોકાસણ-સુરજ માર્ગના મજબૂતીકરણ , સમારકામ અને સી.સી. રોડની કામગીરી માટે કુલ 27 કરોડ રૂપિયા ફાળવવામાં આવ્યા છે. આ જ તાલુકાના ભાલ્ટી-ધરમપુર-ખાવડ રોડ તેમજ કડી-નાની કડી-બાવડુ- ચંદ્રાસણ-ખોડાનો ઢાળ રોડ જેવા આ માર્ગને પહોળા કરવાની કામગીરી માટે 144 કરોડ રૂપિયા ફાળવ્યા છે.

. . . . . . . . . . . . .

# CM SWAGAT PROG

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની ઉપસ્થિતિમાં આ મહિનાનો રાજ્યકક્ષાનો સ્વાગત ઑનલાઈન જનફરિયાદ નિવારણ કાર્યક્રમ આ ગુરુવારે યોજાશે. અરજદારો અને રજૂઆતકર્તાઓ સવારે આઠથી 11 વાગ્યા સુધીમાં પોતાની રજૂઆત મુખ્યમંત્રીના જનસંપર્ક એકમમાં આપી શકશે. આ ગુરુવારે શ્રી પટેલ નાગરિકોની રજૂઆતો સાંભળશે.

. . . . . . . . . . . . .

# MORBI ---MACCHU DAM

મોરબીમાં આવતીકાલે મચ્છુ-2 ડેમના બે દરવાજા બે ફૂટ ખોલી એક હજાર 456 ક્યુસેક પાણી છોડવામાં આવશે. નાયબ કાર્યપાલક ઇજનેર પ્રતિક પટેલે જણાવ્યું કે, પાણી છોડવાનાં પગલે મોરબી તાલુકાના 20     અને માળિયા તાલુકા નવ સહિત કુલ 29 ગામને સાવચેત રહેવા સૂચના આપવામાં આવી છે.

(બાઇટ પ્રતિક પટેલ નાયબ કાર્યપાલક ઇજનેર )

. . . . . . . . . . . . .

# MID BREAK- NEWS- REGIONAL

**આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ - વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/ગુજરાતી અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલોૅ કરશો.**

(ગોન્ગ મ્યુઝિક)

**....................................**

# BANAS DAIRY--- SIMEN MACHINE

બનાસ ડેરીએ દેશનું પ્રથમ સ્વદેશી સિમેન સેક્સ શોર્ટિંગ મશીન વિકસાવ્યું છે. આ મશીનના કારણે વાછરડીની જન્મની શક્યતામાં ૧૦ ટકાનો વધારો થશે. આ સંશોધનથી રાજ્યમાં દૂધ ઉત્પાદનમાં વૃદ્ધિ થશે તેમ બનાસ ડેરીના અધ્યક્ષ શંકર ચૌધરીએ જણાવ્યું હતું

(બાઈટ:- શંકર ચૌધરી, અધ્યક્ષ, બનાસ ડેરી)

. . . . . . . . . . . . .

# KAILAS MANSAROVAR YATRA

કોરોના રોગચાળાના કારણે બંધ કૈલાસ માનસરોવર યાત્રા ચાર વર્ષ બાદ આગામી 30 જૂનથી ફરી શરૂ થશે. આ તીર્થયાત્રા ઉત્તરાખંડ માર્ગથી થઈને જશે. વિદેશ મંત્રાલય અને ઉત્તરાખંડ સરકારના સંયુક્ત દેખરેખ હેઠળ યોજાનારી આ યાત્રાની વ્યવસ્થાની જવાબદારી કુમાઉ મંડળ વિકાસ નિગમ- K.M.V.N.ને સોંપવામાં આવી છે.

આ યાત્રા દિલ્હીથી શરૂ થઈ ચીનમાં પ્રવેશ કરવા પિથૌરાગઢના લિપુલેખ પાસ થઈને આગળ વધશે. આધ્યાત્મિક રીતે મહત્વપૂર્ણ અને શારિરીક રીતે પડકારજનક આ યાત્રા 22 દિવસની છે. યાત્રાળુઓને 50-50ના પાંચ જૂથમાં વહેંચવામાં આવશે. યાત્રાળુઓનું પહેલું જૂથ ચીનમાં દસ જુલાઈએ પ્રવેશ કરશે. જ્યારે અંતિમ જૂથ 22 ઑગસ્ટે પરત આવશે.

દરમિયાન તીર્થયાત્રીઓ ટનકપુર , ધારચૂલા, ગુન્જી અને નાભિધાંગ ખાતે રોકાશે. યાત્રાળુઓ દિલ્હી પહોંચતા પહેલા બુન્દી , ચૌકોરી અને અલમોડાથી થઈ પસાર થશે. તમામ યાત્રાળુઓના આરોગ્ય અને સલામતીને સુનિશ્ચિત કરવા માટે ભારત-તિબેટ સરહદ પોલીસ- I.T.B.P.ના સહકારથી પિથૌરાગઢના ગુન્જી અને દિલ્હીમાં આરોગ્યની તપાસ કરાશે.

. . . . . . . . . . . . .

# AMRELI–PLANE CRASH

અમરેલીના રહેણાંક વિસ્તારમાં ખાનગી કંપનીના પાઇલટ તાલીમ કેન્દ્રનું વિમાન તૂટી પડ્યું હતું. આ ઘટનામાં પાઈલટનું મોત નીપજ્યાના અહેવાલ છે. ગિરિયા માર્ગ પર આ વિમાન તૂટી પડ્યા પછી એક વિસ્ફોટ થયો હતો. સાંભળીએ અમારા પ્રતિનિધિનો અહેવાલ.

(વૉઈસકાસ્ટઃ હરેશ ટાંક)

. . . . . . . . . . . . .

# VATVA STATION

અમદાવાદના વટવા મથક પર આરક્ષિત રેલવે ટિકિટ મેળવવા માટે પેસેન્જર રિઝર્વેશન સિસ્ટમ- P.R.S.ની સુવિધા શરૂ કરવામાં આવી છે. સત્તાવાર યાદી મુજબ , વટવા મથક પર રિઝર્વેશન સુવિધા સોમવારથી શનિવાર સવારે આઠ-થી 12 વાગ્યા સુધી અને બપોરે ચાર વાગ્યાથી રાત્રે આઠ વાગ્યા સુધી ઉપલબ્ધ હશે. જ્યારે રવિવારે આ સેવા સવારે આઠ-થી બપોરે બે વાગ્યા સુધી ઉપલબ્ધ રહેશે.

વટવા મથક પર આ સુવિધા શરૂ થવાથી વટવા અને તેની આસપાસના વિસ્તારના રહેવાસીઓને ટિકિટ રિઝર્વેશન માટે મણિનગર , કાલુપુર કે અન્ય મથક પર જવું નહીં પડે.

. . . . . . . . . . . . .

# Weather

રાજ્યમાં આગામી 48 કલાકમાં મહતમ તાપમાનમાં 2 થી 3 ડિગ્રીનો વધારો થવાની, હવામાન વિભાગે આગાહી કરી છે. આ સમયગાળા દરમિયાન રાજ્યના દરિયાકાંઠાના જિલ્લાઓમાં ગરમ અને ભેજવાળું વાતાવરણ રહેશે તેમ હવામાન વિભાગના વૈજ્ઞાનિક રામાશ્રય યાદવે જણાવ્યું હતું.

(બાઇટ : રામાશ્રય યાદવ, હવામાન વિભાગના વૈજ્ઞાનિક)

. . . . . . . . . . . . .

# GANDHINAGAR JANSEVA KENDRA

ગાંધીનગરના કલેક્ટર મેહુલ દવેએ ગરમીને ધ્યાને રાખી ગાંધીનગર, કલોલ, માણસા, દહેગામ ખાતે જનસેવા કેન્દ્ર પર વિશેષ સુવિધા કરવા આદેશ આપ્યો છે. આ તમામ કેન્દ્ર પર આવતા અરજદારો માટે ખાસ છાંયડો, ઠંડાપાણી, O.R.S. જેવી વ્યવસ્થા કરવા સૂચના આપવામાં આવી છે.

. . . . . . . . . . . . .